# વાપી મહાનગરપાલિકા

## એપ્રેન્ટીસ જાહેરાત

(પરિશિષ્ટ-૧)

ધી એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ વાપી મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૧૮/૦૪/૨૦૨૫ થી તા.૨૪/૦૪/૨૦૨૫ (સમય :સાંજે ૦૬:૦૦ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સ્ટાઈપેન્ડ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| 1 | ઈલેક્ટ્રીશ્યન | 8000/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| 2 | વાયરમેન | 8000/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| 2 | ફીટર | 8000/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| 3 | ડ્રાફટસમેન (સીવીલ) | 8000/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| 4 | સર્વેયર | 8000/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| 5 | સેનેટરી ઈન્સ્પેકટર | 8000/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |

લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની સૂચનાઓ તેમજ ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની સુચનાઓ વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે રીક્રુટમેન્ટ વિભાગના ફોન નં.૦૨૬૦-૨૪૬૨૮૦૩ (એક્સ્ટેન્શન-૨૯) ઉપર સંપર્ક કરવો.

Google Form link:-

https://docs.google.com/forms/d/e/1FAIpQLScD1tg0xfZPVEAUhHdhvV0YOWqTBEmxOIAuPH9Kia-P2lPz8g/viewform?usp=dialog

### -: એપ્રેન્ટી ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ :-

1. એપ્રેન્ટીસશીપ તાલીમનો સમયગાળો સરકારશ્રીની વેબસાઈટ ઉપર જનરેટ થયેલ કોન્ટ્રાક મુજબનો રહેશે. એપ્રેન્ટીસશીપનો સમયગાળો પુર્ણ થયેથી તુરંત છુટા કરવામાં આવશે.
2. વાપી મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસ પ્રોફાઈલની વિગતમાં ફરજિયાત eKYC અપડેટ કરવાનું રહેશે.
3. ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી eKYC તથા એપ્રેન્ટીસની પ્રોફાઈલની વિગત અપડેટ કર્યા બાદ જ Google Form Link:- https://docs.google.com/forms/d/e/1FAIpQLScD1tg0xfZPVEAUhHdhvVOYOWqTBEmxOIAuPH9Kia-P2IPz8g/viewform?usp=dialog ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.
4. ઉપરોક્ત તમામ કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી ને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે નિમણુક આપવામાં આવશે.
5. જે તે ટ્રેડની જરૂરી લાયકાત મુજબ એક કરતા વધુ ટ્રેડમાં અરજી કરી શકાશે.
6. જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ / સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.
7. એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટિસ એકટ-૧૯૬૧ હેઠળ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.
8. ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ થી ઓછી અને ૩૪ વર્ષ કરતા વધારે હોવી જોઈએ નહી.
9. રૂબરૂ અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.
10. અગાઉ કોઈપણ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ પુર્ણ કરેલ ઉમેદવારોએ અરજી કરવી નહી.
11. ઈન્ટર્વ્યુ માટેની તારીખ તથા સમય અંગે ની માહિતી તથા જરૂરી સુચનાઓ અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર સાવચેતી પુર્વક દર્શાવવાના રહેશે. મોબાઈલ નંબર બદલાઈ જવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે વાપી મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.
12. આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો વાપી મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
13. ઉમેદવારની તાલીમ દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા ખોટા પ્રમાણપત્રો માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા